**કામના ટેન્ડર ફરીથી મંગાવવામાં આવે**
**ત્યારે રાખવાનીથતી તકેદારી**

ગુજરાત સરકાર,
સુચનાક્રમાંક : TNC-10-2015-01-C
માર્ગ અનેમકાનવિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૫/૦૮/૨૦૧૫

સંદર્ભ :– ગુજરાત તકેદારી આયોગના તા.૨૩/૦૮/૨૦૧૦ ના પત્ર ક્ર. જીએમબી–૧૧૨૦૦૭–૨૫૧૧૫૩–ઈ

**આમુખઃ–**

ગુજરાત તકેદારી આયોગના ધ્યાને આવેલ કિસ્સા મુજબ પહેલા ઈજારદાર પોતાની ક્ષમતા બહારના નીચા ભાવો ભરે અને ત્યાર પછી ઈજારદાર ટેન્ડરમાં બીનપોષણક્ષમ ભાવો ભર્યા હોવાથી, કામ નહી કરી શકે તેવા કારણોસર ટેન્ડર રદ કરાયેલ હોય અથવા વેલીડીટી પીરીયડમાં ટેન્ડર સ્વીકારેલ હોઈ અને પુરતી તક મળ્યા છતાં ઈજારદારશ્રી સીકયોરીટી ડિપોઝીટ ન ભરે, એટલે કે પીછેહઠ કરે ત્યારે, અને વ્યાજબી કારણો વગર ઈજારદારશ્રી ચાલુકામ અધુરા છોડે અને કરાર રદ થાય તો આવા સંજોગો માત્ર ઈજારદારશ્રીના જ કારણોસર ઉદભવ્યા ગણાય. આ સ્થિતિમાં કામના ટેન્ડર ફરીથી માંગવામાં આવે ત્યારે રદ કરાયેલ ટેન્ડર / કરારના સંબંધિત ઈજારદારશ્રી પુન : ટેન્ડર ભરી શકે છે, જે ભુલ કરનાર ટેન્ડર ભરનારની તરફદારી કરવા સમાન હોઈ ઈચ્છનીય નથી.

ઉપરોકત બાબત અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની આથી સુચના આપવામાં આવે છે અને આ સુચનાનું ચુસ્તપણે પાલન કરવા સર્વે સંબંધિતોને જણાવવામાં આવે છે.

**સુચનાઃ–**

નીચે જણાવેલ કિસ્સાઓમાં જો માત્ર ઈજારદારશ્રીના કારણોસર ટેન્ડર ફરીથી માંગવામાં આવે તો જે ઈજારદારશ્રીનું ટેન્ડર રદ કરવામાં આવેલ હોય, તે ઈજારદારશ્રી કોઈપણ પ્રકારે તે જ કામના પુનઃ માંગેલ ટેન્ડરમાં ભાગ લઈ શકશે નહી.

(૧) પ્રથમ માંગેલ ટેન્ડરમાં ઈજારદારશ્રી પોતાની ક્ષમતા બહારના નીચા ભાવો ભરે અને ઈજારદારશ્રી પાસેથી આ ભાવોનું પૃથ્થકકરણ માંગવામાં આવે અને જો ઈજારદારશ્રી તે જણાવેલ સમયમર્યાદામાં ન આપે અને તે ટેન્ડર બિનપોષણક્ષમ ભાવ ગણી રદ કરી ફરીથી માંગવામાં આવે તે સંજોગોમાં.

(૨) પ્રથમ માંગેલ ટેન્ડર તેની વેલીડીટી પીરીયડમાં સ્વીકારવામાં આવેલ હોય અને પુરતી તક આપવા છતાં ઈજારદારશ્રી સીકયુરીટી ડિપોઝીટ ન ભરે અને કામમાંથી પીછેહક કરે તે સંજોગોમાં.

(૩) વ્યાજબી કારણો વગર ઈજારદારશ્રી ચાલુ કામ અધુરુ છોડે અને કરાર રદ થાય તે સંજોગોમાં.

(આર.કે. ચૌહાણ)
ખાસ ફરજપરનાઅધિકારી(વિ.યો.)
માર્ગ અનેમકાનવિભાગ

પ્રતિ,

૧. સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગના અંગત સચિવશ્રી,નવા સચિવાલય,ગાંધીનગર

૨. અગ્રસચિવશ્રી, શહેર વિકાસ અને શહેરીગૃહનિર્માણવિભાગના અંગત સચિવશ્રી,નવા સચિવાલય,ગાંધીનગર

૩. સચિવશ્રી,નર્મદા અને જળ સંપતિ અને પી પુરવઠાવિભાગના અંગત સચિવશ્રી,નવા સચિવાલય,ગાંધીનગર

૪. સચિવશ્રી,આરોગ્ય અને પરીવાર કલ્યાણવિભાગના અંગત સચિવશ્રી,નવા સચિવાલય ગાંધીનગર

૫. સચિવશ્રી, પંચાયત,ગ્રામગૃહનિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી,નવા સચિવાલય ગાંધીનગર

૬. સચિવશ્રી, ગુજરાત તકેદારીઆયોગ,ગાંધીનગર(અલગપત્રથી)

૭. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુ.રા.મા. વિકાસ નિગમ લી. ગાંધીનગર

૮. મુખ્યકારોબારી અધિકારી, ગુજરાત મેરીટાઈમબોર્ડ સે.૧૦ ગાંધીનગર

૯. સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ,માર્ગ અને મકાનવિભાગ, સચિવાલય,ગાંધીનગર

૧૦. નિયામકશ્રી, ગેરીવડોદરા

૧૧. નિયામકશ્રી,ઉપવનબગીચા,ગાંધીનગર

૧૨. એકાઉન્ટન્ટજનરલશ્રી, ગુજરાતઅમદાવાદ

૧૩. એકાઉન્ટન્ટજનરલશ્રી, ગુજરાતરાજકોટ

૧૪. નાયબ સચિવશ્રી(તપાસ),માર્ગ અને મકાનવિભાગ, સચિવાલય,ગાંધીનગર

૧૫. નાણાંકીય સલાહકારશ્રી,મા.મ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર

૧૬. સર્વે અ.ઈ.શ્રીઓ / મા.મ. વ / પંચાયત(મા.મ.) વર્તુળ, રા.ધો.મા.મ. વર્તુળ /રા.મા.યોજના વર્તુળ / પાટનગરયોજના વર્તુળ / એ.વે. વર્તુળ / વિધુત વર્તુળ સહિત

૧૭. સર્વે કા.ઈ.શ્રીઓ,ઉપરોકત વર્તુળ હેઠળના સર્વે વિભાગ

૧૮. સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઈશ્રીઓ સહિત) મા.મ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર

૧૯. સર્વે પ્રોજેકટશાખાઓ,મા.મ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર

૨૦. ક – શાખ,ક–૧ શાખા, ઈ–૧ શાખા,માર્ગ અનેમકાનવિભાગ, સચિવાલય,ગાંધીનગર

૨૧. સીલેકટ ફાઈલ – ૨૦૧૫